અપીલ અરજી નં.૨૫૫ તા.૧૮–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– તમામઝોન અને જાહેર માહિતી અધિકારી
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની ની તા.૦૧–૧૦–૧૦ ની અરજી થી મુદ્દા નં.૧ સુરત મ.ન.પા. ધ્વારા મોબાઈલ કંપનીઓને કયા કયા ટાવર લગાવી શકાય તેની પરમીશન આપવામાં આવેલ છે. તેના માટે મોબાઈલ કંપની એ કયા કયા નિયમનું પાલન કરવાનું રહેશે. વિ.મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૫/૨૦૧૦–૧૧

શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની ની તા.૦૧–૧૦–૧૦ ની અરજી થી મુદ્દા નં.૧ સુરત મ.ન.પા. ધ્વારા મોબાઈલ કંપનીઓને કયા કયા ટાવર લગાવી શકાય તેની પરમીશન આપવામાં આવેલ છે. તેના માટે મોબાઈલ કંપની એ કયા કયા નીયમનું પાલન કરવાનું રહેશે. વિ.મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીમાં અધુરી તેમજ માંગ્યા મુજબ માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેઓનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૦ તા.૨૫–૧૧–૧૦ થી થી તમામઝોન અને જાહેર માહિતી અધિકારી , ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૯૯૯ તા.૨૭–૧૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આ.નં.૪૦૩ તા.૫–૧૦–૧૦ ની તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની તા.૧–૧૦–૧૦ ની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૧,૨,૬ અને ૭ની આપેલ માહિતી અંગે નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૮૮૩ તા.૨–૧૧–૧૦ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૫ તા.૧–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં રાંદેરઝોનનો તબદીલ પત્ર, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર ઈ.ઝેડ/આરટીઆઈ/૫૦૦ તા.૨૯–૧૦–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ તથા અરજદારને મુદ્દા નં.૩ અને ૬ માટે આપેલ માહિતી અંગે ઈ.ઝેડ/આરટીઆઈ/૫૦૦ તા.૪–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૫૬૧ તા.૭–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, વેસ્ટઝોન/આરટીઆઈ /આ.નં.૪૦૩ તા.૫–૧૦–૧૦ થી તમામઝોન અને જાહેર માહિતી અધિકારી તથા જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તથા શહેર વિકાસને તબદીલ કર્યા અંગેના પત્રોની નકલ, વેસ્ટઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૫૫ તા.૨૭–૧૦–૧૦ થી મુદ્દા નં.૩ અંગે ડે.ઈજનેર ડી.જી.વી.સી.એલ. કુ. સબ ડીવીઝનલ–૧ અડાજણ સુરતને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી નામુદ્દા નં.૧ અને ૨ વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/ ૪૪૫ તા.૨૧–૧૦–૧૦ ના પત્રની નકલ તથા વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૬૧ તા.૨૮–૧૦–૧૦ ના પત્રની નકલ, મુદ્દા નં.૧૦ અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ / આ.નં.૪૬૧ તા.૨૮–૧૦–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, મુદ્દા નં.૫,૮,૯ અને ૧૧ અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૭૪ તા.૨૮–૧૦–૧૦ ના પત્રની નકલ, નાણા ભરવા અંગે પાઠવેલ પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૫૨૩ તા.૧૯–૧૧–૧૦ ના પત્રની નકલ, તા.૨૨–૧૨–૧૦ ના રોજ રસીદ નં.૧૩૨૮૨૮ થી ભરેલ રૂપિયા ૪૨/– કેસ સ્વીકાર્યા અંગેનું વાઉચરની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૯૮ તા.૯–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજી તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ, ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૪ અને ૭ માટે શહેર વિકાસ વિભાગને તબદીલ કર્યા અંગે નં.સા.ઝોન/ટેક./૫૩૩ તા.૨૦–૧૦–૧૦ ના પત્રની નકલ તથા અરજદારને સાઉથઝોન તરફથી મુદ્દા નં.૩ અંગે કાર્યપાલક ઈજનેર ઓએન્ડએમ, ડીવીઝનલ ઓફિસ દ.ગુ. વીજ કંપની બાટલી બોય સામે, પાંડેસરા, સુરતને પત્ર નં. નં.સા.ઝોન/ટેક./૫૩૪ તા.૨૦–૧૦–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતીના મુદ્દા નં.૧ થી ૩ અને ૫ થી ૮ લીસ્ટ સહિત આપેલ માહિતીના પત્ર નં.સા.ઝોન/ટેક./૫૫૪ તા.૩૦–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૦૪ તા.૧૮–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, માહિતી માટે નાણા ભરવા પાઠવેલ પત્ર નં. નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૧૧૦૧ તા.૨–૧૧–૧૦ ના

પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આ.નં.૫૯૦૮ તા.૮–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં રાંદેરઝોનનો તબદીલ પત્ર, મુળ અરજીની નકલ, નોર્થઝોન તરફથી આપેલ માહિતી અંગેનો નોર્થઝોન/આ.નં.૫૦૯૪ તા.૨–૧૧–૧૦ ના પત્રની નકલ લીસ્ટ સહિત તથા હોર્ડીગ્સના લીસ્ટની નકલ તથા અરજદારને માહિતી અંગે પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૮૭૧ તા.૨૫–૧૦–૧૦ ના ફી ભરવા પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.ન.૩૨૧૭ તા.૧૦–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં વેસ્ટઝોનનો તબદીલ પત્ર, મુળ અરજીની નકલ, નોંધ વિભાગ તથા મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી અંગે પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૦૭ તા.૨૫–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૯૬૬ તા.૮–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, તબદીલ પત્ર તથા અરજદારને આપેલ માહિતી અંગેના મુદ્દા નં.૧,૨,૪,૫,૭ અંગેના પત્ર નં.ટીડીઓ/૩૪૬૬ તા.૨૯–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૨૭૦ તા.૧–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાદેરઝોન ખાતે કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૪૦૩ તા.૫–૧૦–૧૦ થી અરજી મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તથા શહેર વિકાસ અધિકારી તેમજ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન, કતારગામઝોન, ઉધનાઝોન , વરાછાઝોન, અઠવાઝોન અને લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ.તથા મુદ્દા નં.૩ અંગે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૪૫૫ તા.૨૭–૧૦–૧૦ થી ડે.ઈજનેર ડી.જી.વી.સી.એન્ડ.કું. સબ ડીવીઝન–૧, અડાજણને તબદીલ કરવામાં આવેલ છે. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૫૩૩ તા.૨૦–૧૦–૧૦ થી શહેર વિકાસ અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને મુદ્દા નં.૪ અને ૭ માટે તથા સા.ઝોન/ટેક./આં.૫૩૪ તા.૨૦–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર ઓએન્ડએમ ડીવીઝનલ ઓફિસરને મુદ્દા નં.૩ માટે દ.ગુ. વીજ કંપની બાટલી બોય સામે, પાંડેસરાને તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૧,૨,૬ તથા ૭ ની માહિતી સા.વે.ઝોન/અઠવા/ ૮૮૩ તા.૨–૧૧–૧૦ થી તથા જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી મુદ્દા નં.૩ અને ૬ ની માહિતી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૦૦ તા.૪–૧૧–૧૦ થી અને વેસ્ટઝોન રાંદેર તરફથી મુદ્દા નં.૧ અને ૨ની માહિતી પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૪૪૫ તા.૨૧–૧૦–૧૦ થી અને ૪૬૨ તા.૨૮–૧૦–૧૦ થી તેમજ મુદ્દા નં.૫,૮ ,૯ અને ૧૧ ની માહિતી વેસ્ટઝોન/આરટીઆઈ/૪૭૪ તા.૨૮–૧૦–૧૦ થી અનુ મુદ્દા નં.૧૦ ની માહિતી વેસ્ટઝોન/ આરટીઆઈ/૪૬૧ તા.૨૮–૧૦–૧૦ થી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ થી ૩ અને ૫ થી ૮ ની માહિતી સા.ઝોન/ટેક./૫૫૪ તા.૩૦–૧૦–૧૦ થી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૦૭ તા.૨૫–૧૦–૧૦ થી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી મુદ્દા નં.૨ ની માહિતી નોર્થઝોન/આ.નં.૫૦૯૪ તા.૨–૧૧–૧૦ થી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં. ૧૧૦૧ તા.૨–૧૧–૧૦ થી માહિતી મેળવી લેવા પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી મુદ્દા નં.૧,૨,૪,૫ અને ૭ ની માહિતી પત્ર નં.ટીડીઓ/૩૪૬૬ તા.૨૯–૧૦–૧૦ થી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અધૂરી માહિતી હોવાનું જણાવી તા.૧૮–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૩ ની ઉધનાઝોન સિવાયની માહિતી મળેલ નથી. મુદ્દા નં.૪ માં કિરણ મોટર્સ ના શોરૂમના પ્લાન પાસ અંગેની માહિતી માંગવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૬ સુરત મહાનગરપાલિકાના વરાછાઝોન અને સેન્ટ્રલઝોનના જાહેરાત બોર્ડના વ્યકિતગત સ્થળ ટેબલની માહિતી આપવામાં આવેલ નથી તેથી માહિતી અધૂરી છે તેવી રજૂઆત કરેલ છે. અરજદાર તરફથી મુદ્દા નં.૧ સુરત મ.ન.પા. ધ્વારા મોબાઈલ કંપનીઓને કયા કયા ટાવર લગાવી શકાય તેની પરમીશન આપવામાં આવેલ છે. તેના માટે મોબાઈલ કંપની એ કયા કયા નિયમનું પાલન કરવાનું રહેશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી માહિતી પત્ર ૮૮૩ તા.૨–૧૧–૧૦ થી મુદ્દા નં.૧ અન્વયે મોબાઈલ કંપનીઓને ટાવર ઉભા કરવા માટે મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણોના નિયમો પૈકી નિયમ–૨૦ (૧૧) ની જોગવાઈ ઉપરાંત પરિપત્ર નં.ટીડીઓ/ ૪૮૪૯ તા.૨૭–૩–૦૨ મુજબ પરવાનગી આપવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/૪૬૨ તા.૨૮–૧૦–૧૦ થી સુરત મહાનગરપાલિકા ધ્વારા કંપનીઓને ટેરેસ પર એન્ટેના ટાવર તેમજ ગ્રાઉન્ડ પર જુદી જુદી કંપનીઓના મોબાઈલ ટાવર લગાવવાની પરમીશન આપવામાં આવે છે. મોબાઈલ કંપનીઓને લાગુ નિયમોનું પાલન કરવાનું રહેશે જેની નકલ રૂા.૨/– ભર્યેથી મેળવી શકાશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૫૪ તા.૩૦–૧૦–૧૦ થી સુરત મહાનગરપાલિકા ધ્વારા કંપનીઓને ટેલીકોમ્યુનિકેશન ટાવર લગાવવાની પરમીશન આપવામાં આવે છે. જે માટેના નિયમો તથા પરિપત્રની નકલ રૂા.૮/– ભર્યેથી આપી શકાશે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૦૭ તા.૨૫–૧૦–૧૦ થી લીંબાયત વિસ્તારમાં મોબાઈલ કંપનીના ટાવર ઉભા કરવા માટે જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન સપ્ટે–૦૪ ના પ્રર્વતમાન નિતિ નિયમોને આધીન " ન વાંધા પ્રમાણપત્ર આપવામા આવે છે. જેમાં ટાવર્સ ઉભા કરવા માટે સક્ષમ સત્તાધીશ પાસેથી લાયસન્સ મેળવેલ સ્ટ્રકચરલ એન્જી. એ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજૂ કરવાનં રહે છે. લીંબાયતઝોન વિસ્તારમાં આવેલ મોબાઈલ કંપનીના ટાવર અંગેનું માહિતી દર્શાવતું પત્રક રૂા.૮/– ઝોન સીવીક સેન્ટરમાં ભરપાઈ કરી તે રસીદની મુળ નકલ મહેકમ વિભાગમાં રજૂ કરી મેળવી શકાશે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૪૬૬ તા.૨૯–૧૦–૧૦ થી સુરત મહાનગરપાલિકા ધ્વારા મોબાઈલ કંપનીઓને ટેલી

કોમ્યુનિકેશન લગાવવાની પરવાનગી આપવામાં આવેલ છે જે બાબતેના નિયમો તથા પરીપત્ર પત્રની નકલ રૂા.૪/– ભર્યેથી મેળવી શકાશે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે ટાવર લગાવી શકાય જેની પરમીશન આપવામાં આવેલ છે. જે અંગે નિયમોમાં ઉલ્લેખ હશે તો જવાબ સંપૂર્ણ થશે નહીં તો અધૂરો જણાશે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જુદા જુદા જાહેર માહિતી અધિકારી તરફથી લાયસન્સ આપવા અંગે કાયદાની જોગવાઈ મિલ્કત બાબતેની જોગવાઈ તથા મોબાઈલ કંપનીના નિયમોનું પાલન કરવાની વિગતો અરજદારને પૂરી પાડેલ જણાય છે. જેમાં જો તે અરજદારે ન મેળવી હોય તો જાહેર માહિતી અધિકારીએ નિર્દિષ્ટ કર્યા મુજબ નાણા ભરી મુળ અરજીમાં અરજદારને મોબાઈલ કંપનીએ કયા નિયમોનું પાલન કરવાનું રહે છે તેવી માંગણી કરેલ છે. જે અંગે કોઈ પણ જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ માહિતી ના નિયમો તથા પરિપત્રની નકલ ધ્વારા માહિતી મેળવી શકે છે. અરજદારે રાંદેર વેસ્ટઝોન ખાતે તા.૨૨–૧૨–૧૦ ના રોજ રૂા.૪૨/– પૈકી નાણા ભરીને તે મેળવેલ પણ જણાય છે. (૨) સુરત મનપા શહેરમાં કયા કયા વિસ્તારમાં મોબાઈલ ટાવર લગાવવા માટે પરમીશન આપવામાં આવી છે. મનપા ધ્વારા સુરત શહેર આખામાં ટોટલ કેટલા ટાવરની પરમીશન આપવામાં આવી છે. (તમામ ઝોન) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી માહિતી પત્ર નં. ૮૮૩ તા.૨–૧૧–૧૦ થી સા.વે.ઝોન અઠવા વિસ્તારમાં જુદી જુદી મોબાઈલ કંપનીઓને ટાવર ઉભા કરવા માટે આપવામાં આવેલ પરવાનગીનું વિગત દર્શાવતું પત્ર પાના નંગ–૩ રૂા.૬/– ભર્યેથી મેળવી શકાશે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/ ૪૬૨ તા.૨૮–૧૦–૧૦ થી નિયત સમય અવધિ બાદ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મોબાઈલ ટાવર લગાવવા માટે પરમીશન આપવામાં આવે છે.સુરત મહાનગરપાલિકા ધ્વારા પશ્ચિમઝોનમાં મંજુરી આપેલ ટાવરોની સંખ્યા કુલ ૭૦ છે. જેની નકલ રૂા.૧૨/– કચેરીએ જમા કર્યેથી મેળવી શકાશે તેવું જણાવેલ છે. તથા અરજદારે તે મેળવેલ પણ જણાય છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૫૪ તા.૩૦–૧૦–૧૦ થી ઉધનાઝોનના કાર્યક્ષેત્રમાં ટાવર લગાવવા માટે આપેલ પરમીશનની યાદી /માહિતી પરિશિષ્ટ–અ માં અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.૫૦૯૪ તા. ૨–૧૧–૧૦ થી નિયત સમય અવધિ બાદ નોર્થઝોન વિસ્તારમાં જુદી જુદી મોબાઈલ કંપનીઓ ધ્વારા અરજી કર્યેથી મોબાઈલ ટાવર લગાવવાની પરમીશન નિતિ નિયમ મુજબ આપવામાં આવે છે અને ઝોનમાં જુદી જુદી મોબાઈલ કંપનીના કુલ ૫૧ મોબાઈલ ટાવર લગાવવાની પરમીશન આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે ૫૧ ટાવરોની માહિતીનું લીસ્ટ રજૂ કરેલ છે. પરંતુ અરજદારને આપ્યુ કે કેમ? તેની સ્પષ્ટતા નથી. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૦૭ તા.૨૫–૧૦–૧૦ થી લીંબાયતઝોન વિસ્તારમાં આવેલ મોબાઈલ કંપનીના ટાવર અંગેનું માહિતી દર્શાવતું પત્રક રૂા.૮/– ઝોન સીવીક સેન્ટરમાં ભરપાઈ કરી તે રસીદની મુળ નકલ મહેકમ વિભાગમાં રજૂ કરી મેળવી શકાશે. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/ ૩૪૬૬ તા.૨૯–૧૦–૧૦ થી આ મુદ્દા ની માહિતી સબંધિત ઝોનેથી આપવાની રહે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૫૦૦ તા.૨૯–૧૦–૧૦ થી રૂા.૧૧૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ તેમાં નકલોની સંખ્યા ૨૮ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૫૬/– થાય તેમ છતાં ૧૧૪ દર્શાવેલ છે. જયારે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૦૧ તા.૨–૧૧–૧૦ થી પાના નંગ–૨૭ પ્રતિ પાના રૂા.૨/– લેખે રૂા.૫૪/ ભરી માહિતી મેળવવાનું જણાવેલ છે. પરંતુ અરજદારે માહિતી પૈસા ભરીને માહિતી મેળવ્યાની કે નહીં મેળવ્યાની વિગત અપીલ તબકકે જણાવવામાં આવેલ નથી. જે માહિતી અંગે સેન્ટ્રલઝોન તરફથી સમય મર્યાદા બહાર નાણા ભરવાનો પત્ર પાઠવેલ હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે સુસંગત નથી. આમ અરજદારને તમામ ઝોન તરફથી માહિતી આપવાનું જણાવવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલન મુદ્દામાં રાંદેરઝોન કતારગામઝોન અને લીંબાયતઝોનની ટાવરની સંખ્યા મળેલ નથી અત્રે મળેલ માહિતીમાં અરજદારને આપેલ માહિતી માં રાંદેરઝોનમાં ૭૦ ટાવર તેમજ કતારગામઝોનમાં ૫૧ ટાવર હોવાની માહિતી આપેલ છે. લીંબાયતઝોન તરફથીમાહિતી મેળવવા જણાવેલ છે પરંતુ અરજદારે તે માહિતી મેળવેલ છે કે કેમ? તે અપીલ તબકકે જણાવેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં અરજદારે નાણા ભરેલ ન હોઈ નકલો પૂરી પાડેલ નથી તેવું જણાવેલ છે. જેથી તે માહિતી અરજદાર નાણા ભરી મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારે ટોટોલ ટાવરની સંખ્યાની રજૂઆત કરેલ છે જે તમામ જાહેર માહિતી અધિકારી ઝોનની મળેલી માહિતીનો સરવાળો કરવાથી અરજદાર મેળવી શકે છે. મુદ્દા નં. (૩) સુરત મનપા ધ્વારા કોઈ પણ ટ્રાન્સફોર્મર મુકવા બાબતે શું શું કાયદાનું પાલન કરવાનું રહેશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ધ્વારા કોઈ પણ ઈલેકટ્રીકલ ટ્રાન્સફોર્મર મુકવા બાબતેની કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મ્યુ. કમિ. ના હુકમ નં.ડીઓપી/ટીડીઓ/૩૦૧ તા.૧૬–૨–૦૯ માં ની જોગવાઈનું પાલન કરવાનું રહે છે હુકમની નકલ રૂા.૪/– ભરપાઈ કર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે તથા ઉધનાઝોન તરફથી સા.ઝોન/ટેક./૫૩૪ તા.૨૦–૧૦–૧૦ થી દ.ગુ. વીજ કંપની પાંડેસરાને તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી મુદ્દા નં.૩ અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૪૫૫ તા.૨૭–૧૦–૧૦ થી દ.ગુ. વીજ કંપની , અડાજણ સબ ડીવીઝનલ–૧ ને તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી લાગુ પડતું નથી તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દામાં મુદ્દા નં.૩ બધા જ ઝોનને લાગુ પડે છે પરંતુ ઉધનાઝોન સિવાય કોઈ પણ ઝોન ધ્વારા જવાબ આપવામાં આવેલ નથી. પરંતુ તે અંગે રાંદેરઝોન,અને ઉધનાઝોન તરફથી દ.ગુ.વીજ કંપનીને માહિતી માટે અન્ય સત્તા મંડળને તબદીલ કરેલ છે. વધુમાં મુદ્દા નં.૩ ઉધના ઝોન સિવાયના તમામે તેવી માહિતી પૂરી પાડેલ જણાતી નથી જે પૂરી પાડવાની રહે. તેમ છતાં ઉધનાઝોને નિર્દિષ્ટ કરેલી વિગતે સુરત મહાનગરપાલિકાના નિયમો તમામ ઝોનને સરખા લાગુ પડતા હોઈ એક ઝોનમાંથી મળેલ તેવી માહિતી અરજદાર માટે નિયમો પૂરતી પર્યાપ્ત ગણાય. મુદ્દા નં.(૪) કિરણ મોટર્સ ઓપેરા હાઉસ સેન્ટ્રલ પોઈન્ટ ની સોસીયો સર્કલ વાળા રોડ પર આવેલ છે જેની શો રૂમ તરીકેનું પ્લાન પાસ કરાવેલ છે. પ્લાન્ટ પાસની કોપી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્રનં.ટીડીઓ/ ૩૪૬૬ તા.૨૯–૧૦–૧૦ થી કિરણ મોટર્સ અપેરા હાઉસવાળી મિલ્કતમા મંજુર પ્લાનની નકલના નંગ–૮ તથા રજાચિઠ્ઠીની નકલના તથા નકલ ફી ના રૂા.૬૭૯ /– ભરપાઈ કર્યેથી મળશે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં જવાબ આપેલ નથી

તેવી રજૂઆત કરેલ છે જે શહેર વિકાસના પ્રસ્તાવ સાથે સુસંગત નથી. અરજદાર જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નાણા ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે. મુદ્દા નં.(૫) બીયુસી જે સુમપા ધ્વારા આપવામાં આવેલ છે તે કયા કયા મુદ્દાને ધ્યાનમાં લઈને બીયુસી આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી સુમપા ધ્વારા મિલ્કતોના મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ થયેલ હોય તે વિગતો ધ્યાને લઈ બીયુસી આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન સપ્ટે.૦૪ ના પ્રવર્તમાન નિતિ નિયમોને આધિન બીયુસી આપવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી આરટીઆઈ/૪૭૪ તા.૨૮–૧૦–૧૦ થી સુરત મહાનગરપાલિકા ધ્વારા ડીસીઆરના નિયમો ધ્યાને લઈ બીયુસી આપવામાં આવે છે એવું જણાવેલ છે. જે બાબતે અરજદારની કોઈ તકરાર નથી. આમ જીડીસીઆરના નિયમો અને મિલ્કતોના મંજુર પ્લાન મુજબ બાંધકામને ધ્યાને રાખીને બીયુસી આપવામાં આવે છે તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૬) સુમપા ધ્વારા સુરત શહેરમાં ટોટલ કેટલા એડર્વટાઈઝમેન્ટ બોર્ડને બિલ્ડીંગ જાહેર સ્થળ અન્ય કયાં કયાં લગાવા માટે ટોટલ કેટલી વ્યકિત કેટલા સ્થળ પર પરવાનગી આપવામાં આવી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીઅઠવાઝોન તરફથી સા.વે.ઝોન/અઠવા/૮૮૩ તા.૨–૧૧–૧૦ થી મુદ્દા નં.૬ અન્વયે હાલમાં સા.વે.અઠવા ઝોન વિસ્તારમાં ખાનગી માલીકીની જગ્યાઓ/મિલ્કતો ઉપર કુલ ૨૫૬ હોર્ડીંગ્સની મંજુરી આપવામાં આવેલ છે. જેના પાના નંગ–૨૩ પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૪૬/ ભર્યેથી મેળવી શકશો. વધુમાં સુરત મહાનગપાલિકાની હદમાં આવતા અઠવાઝોન વિસ્તારમાં કુલ–૩૪ જાહેરાતના બોર્ડની મંજુરી ટીપી વિભાગમાંથી આપવામાં આવેલ છે. જેના પાના નંગ–૨ રૂા.૪/– ભર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. પરંતુ તે સમય અવધિ બહારનો પત્ર હોઈ વિના મુલ્યે આપવા જોગ થાય. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૫૦૦ તા.૪–૧૧–૧૦ થી સુમપા ધ્વારા વરાછામાં જાહેર રસ્તાઓ ઉપર ૧૧ હોર્ડીંગ્સની મંજુરી આપવામાં આવેલ છે જેના સ્થળની વિગત લંબે હનુમાન રોડ એસ.ટી. કંપાઉન્ડના ગેટ પાસે, દિવાલને અડી ગરનાળા સામે (૨) ધારૂકાવાળા કોલેજ પાસે (૩) પોદાર માર્કેટ પાસે, (૪) બોમ્બે માર્કેટ પાસે ઉમરવાડા (૫) પુણા કુંભારીયા નહેર, જકાતનાકા સામે (૬) સેન્ટ્રલવેર હાઉસની કંપાઉન્ડવોલને અડીને (૭) બોમ્બે માર્કેટ દક્ષિણ તરફથી કંપાઉન્ડ વોને અડીને (૮) ધનામીલ કંપાઉન્ડમીલને અડીને વરાછા રોડ, (૯) નાના વરાછાથી મોટા વરાછા જોડતા પુલ તરફ જતાં વરાછા મેઈન રોડ તરફથ જતાં ડાબી બાજુએ (૧૦) ટ્રાન્સપોર્ટ નગર જતાં પુણા જકાતનાકાની સામે, કેનાલ તરફ (૧૧) ધારૂકાવાળા કોલેજની પૂર્વ તરફથી દિવાલ પાસેના સ્થળોની વિગત સહિત માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે વરાછાઝોનની માહિતી પેન્ડીંગ અને અધૂરી હોવાની રજૂઆત આપેલ માહિતી સાથે સુસંગત નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆસેલ/આ.નં. ૪૪૫ તા.૨૧–૧૦–૧૦ થી મુદ્દા નં.૬ ની માંગણી મુજબની માહિતીના કુલ પાના નંગ–૬ પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૧૨/– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ છે. જે અરજદારે મેળવેલ પણ જણાય છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી ઉધનાઝોનના કાર્યક્ષેત્રમાં નિયમોનુસાર એડવટાઈઝમેન્ટની પરવાનગી આપ્યાની યાદી /માહિતી પરિશિષ્ટ–૨ માં ૧ થી ૬૭ ક્રમવાળી યાદી પૂરી પાડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૮૭૧ તા.૨૫–૧૦–૧૦ થી હોર્ડીંગ્સના લીસ્ટ અંગે રૂા.૨/– ભરપાઈ કરી મેળવવા જણાવવામાં આવેલ છે. જે ક્રમાંનુસાર મુદ્દા નં.૧ થી ૧૭ નું લીસ્ટ અત્રે રજૂ કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૧૬ તા.૧૦–૧૨–૧૦ થી શહેર વિકાસ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ એડર્વટાઈઝમેન્ટ બોર્ડ લગાવવા બાબતેની યાદી તથા માર્ગદર્શિતાના તથા લીંબાયત વિસ્તારમાં હાલમાં તા.૧–૪–૧૦ થી તા.૩૧–૩–૧૧ સુધી કુલ ૪૧ હોર્ડીંગ્સ લગાવવાની પરવાનગીની મંજુરી રીન્યુ કરાવવામાં આવેલ છે. જેનું લીસ્ટ પાના નંગ–૪ રૂા.૮/– ભરી મેળવી શકાશે તેવી માહિતી પત્ર નં. ૨૮૦૭ તા.૨૫–૧૦–૧૦ થી આપવામાં આવેલ છે. અપીલ અરજીમાં અરજદારે વરાછાઝોન તથા સેન્ટ્રલઝોન માહિતી આપેલ જણાતી નથી.તેવું જણાવેલ છે. જેમાં વરાછાઝોન તરફથી પત્ર નં.૫૦૦ તા.૪–૧૧–૧૦ થી ઉપરોકત જણાવેલ ૧૧ સ્થળોની દર્શાવેલ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે સેન્ટ્રલઝોન તરફથી અરજદારે નાણા ભરી માહિતી મેળવવા જણાવેલ છે. પરંતુ તે માહિતી નાણા ભરી મેળવેલ છે કે કેમ તેવી વિગતો કોઈ પક્ષકાર તરફથી પૂરી પડાયેલ નથી. પરંતુ તે અરજદારે ફ્રી માં મેળવવાની રજૂઆત કરેલ છે. સેન્ટ્રલઝોનના પત્ર જોતાં સી.ઝેડ/આરટીઆઈ /૧૧૦૧ તા.૨–૧૧–૧૦ થી નાણા ભરી માહિતી મેળવવા જણાવેલ છે પરંતુ પત્ર સમય મર્યાદા બાદ પાઠવેલ હોઈ તેવી માહિતી વિના મૂલ્યે પૂરી પાડવાની રહે. (૭) સુરત શહેરમાં સુમપા ધ્વારા સાઈન બોર્ડ કે એડવટાઈસમેન્ટ બોર્ડ લગાવવા માટે કયા કયા કાયદાનું પાલન કરવાનું રહેશે? અને એક બિલ્ડીંગ પર વધુમાં વધુ કેટલા સાઈન બોર્ડ લગાવી શકાય? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીઅઠવાઝોન તરફથી સા.વે.ઝોન/અઠવા/૮૮૩ તા.૨–૧૧–૧૦ થીમુદ્દા નં.૭ અન્વયે સુમપાના ધ્વારા સાઈન બોર્ડ કે એડર્વટાઈજીંગ બોર્ડની મંજુરી સ્થા. સ. ઠરાવ નં.૩૦૧/૨૦૦૭ તા.૨૭–૪–૦૭ થી નકકી થયેલ નિતિ નિયમો મુજબ આપવામાં આવે છે જે ઠરાવના નકલના પાના નંગ–૬ મેળવવા ઝોન કચેરીએ દસ્તાવેજ રૂા.૧૨/– ભર્યેથી મેળવી શકશો તેવું જણાવવામાં આવેલ છે. જે સમય અવધિ બાદનો છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/ આરટીઆસેલ/આ.નં.૪૪૫ તા.૨૧–૧૦–૧૦ થી સુરત શહેરમાં સાઈનબોર્ડ/હોર્ડીંગ્સની પ્રથમ પરવાનગી આપવાની કાર્યવાહી શહેર વિકાસ વિભાગ મુખ્ય કચેરી મારફત કરવામાં આવે છે. તથા સુમપા વિસ્તારમાં ખાનગી માલીકીની જમીનો /મિલ્કતો પર ઉભા કરવામાં આવતા જાહેરાતના બોર્ડની પરવાનગી આપવા સા. સ.ઠ. નં.૩૦૧/૦૭ તા.૨૭–૪–૦૭ થી ઠરાવેલ નિતિનું પાલન કરવાનું રહે છે તથા સુમપાનું ખાનગી મિલ્કત પર જાહેરાત બોર્ડ/હોર્ડીંગ્સ ઉભા કરવા માટે પરવાનો મેળવવા માટેની અરજી ફોર્મમાં જણાવેલ શરતોનું પાલન કરવાનું રહે છે. આ તમામ માહિતીના કુલ પાના –૮ ના પ્રતિ રૂા.૨/લેખે કુલ રૂા.૧૬/– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સુમપા ધ્વારા એડર્વટાઈઝમેન્ટ બોર્ડ લગાવવા માટે બીપીએમસી એકટની કલમ–૨૪૫ તથા મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણના નિયમોના નિયમ–૨૦ તથા સા.સ.ઠ. નં.૩૦૧/૦૭ તા.૨૭–૪–૦૭ થી નિયત કરેલ નિયમો/શરતોનો પાલન કરવાનું રહે છે. એક બિલ્ડીંગ ટેરેસ પર ૧૨×૬ મી. નાવધુમાં વધુ બે બોર્ડ પ્રવર્તમાન નિયમો

મુજબ લગાવી શકાય તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૧૬ તા.૧૦–૧૨–૧૦ થી શહેર વિકાસ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ એડર્વટાઈઝમેન્ટ બોર્ડ લગાવવા બાબતેની યાદી તથા માર્ગદર્શિતાના તથા લીંબાયત વિસ્તારમાં હાલમાં તા.૧–૪–૧૦ થી તા.૩૧–૩–૧૧ સુધી કુલ ૪૧ હોર્ડીંગ્સ લગાવવાની પરવાનગીની મંજુરી રીન્યુ કરાવવામાં આવેલ છે. જેનું લીસ્ટ પાના નંગ–૪ રૂા.૮/– ભરી મેળવી શકાશે તેવી માહિતી પત્ર નં.૨૮૦૭ તા.૨૫–૧૦–૧૦ થી આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૪૬૬ તા.૨૯–૧૦–૧૦ થી ઉધનાઝોન ધ્વારા આપેલી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારને કોઈ તકરાર નથી. (૮) સુરત મ્યુ. કોર્પોરેશનમાં નોકરી કરતાં અને કામ કરતા દરેક વ્યકિત માટે ફરજનું પાલન કરવાનું રહે છે જે વ્યકિત બાંધકામ ડીપાર્ટમેન્ટમાં છે અને ગેરકાયદેસર બાંધકામ જાણવા છતાં એને દુર ન કરે તો કઈ કઈ રીતે અથવા કયા કાયદા હેઠળ જે તે અધિકારી વિરુધ્ધ પગલા લઈ શકાય? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૪૭૪ તા.૨૮–૧૦–૧૦ થી બીપીએમસી એકટની કલમ–૫૬ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરી શકાય તેવું જણાવેલ છે. જયારે ઉધનાઝોન તરફથી સા.ઝોન/ટેક.૫૫૪ તા.૩૦–૧૦–૧૦ થી સુમપામાં ફરજ બજાવતા વ્યકિત/કર્મચારી ને નિયત ફરજમાં ચૂક બદલ સદર પ્રકારના કિસ્સામાં જે તે કેસના ગુણદોષ તથા બીપીએમસી એકટની કલમ–૫૬ હેઠળ શિક્ષાત્મક જોગવાઈને આધીન પગલા લેવાના રહે છે. તે અંગે અરજદારને કોઈ તકરાર નથી. (૯) હાલમાં રાંદેર ઝોન ધ્વારા ટોટલ કેટલા બાંધકામની પરમીશન આપવામાં આવેલ છે અને દરેક બાંધકામની ચોકસાઈ રાખનાર અધિકારીની વિગત આપવી અને મજકુર બિલ્ડીંગ કાયદેસર બંધાયેલ છે તે રીપોર્ટ કરનાર અધિકારીનું નામ અને હોદ્દો જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આનં.૪૭૪ તા.૨૮–૧૦–૧૦ થી મુદ્દા નં.૯ અંગે હાલમાં તા.૧–૪–૧૦ થી આજ દિન સુધી રાદેરઝોન ધ્વારા કુલ ૨૦૩ બાંધકામની પરમીશન આપવામાં આવેલ છે આ બાંધકામની ચોકસાઈ રાખનારઅધિકારીઓના નામ સુમપાની વેબ સાઈટપર મુકવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારને કોઈ તકરાર નથી. (૧૦) ન્યુ. ગોકુલ રો હાઉસ સી.કે પાર્કની બાજુમાં હની પાર્ક રોડમાં સોસા.નો રોડ કોના ધ્વારા બનાવવામાં આવેલ છે અને ટોટલ કેટલા સ્કેવેર ફુટ રોડ બનાવવામાં આવેલ છે. અને કેટલા સ્કેવેર ફુટનું બીલ મુકવામાં આવેલ છે. રોડ બનાવવા માટે કયા કાયદાનું પાલન કરવાનું રહેશે તે પણ જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આનં.૪૬૧ તા.૨૮–૧૦–૧૦ થી સોસા.નો રોડ સુમપા ધ્વારા બનાવવામાં આવેલ છે. કુલ ૫૨૨૧.૫૭ સ્કે.ફુટ રોડ બનાવવામાં આવેલ છે. કુલ ૫૨૨૧.૫૭ સ્કે. ફુટનું બીલ મુકવામાં આવેલ છે. રોડ બનાવવા માટે સુમપા ધ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડરમાં જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે. સદર ટેન્ડરની નકલ પાના દીઠ રૂા.૨/– ભર્યેથી અત્રેની કચેરીએથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૧૧) અડાજણ ગુજરાત ગેસ સર્કલ પાસે મુકતાનંદનગરમાં આવેલ મેઈન રોડ બનવવામાં આવેલ એપાર્ટ.માં શીતલ સ્ટુડીયો, મહાલક્ષ્મી ફાસ્ટફુડ, મહાલક્ષ્મી રેસ્ટોરન્ટ અને કાર વર્લ્ડ એસેસરીઝ દુકાનની બાજુમાં આવેલ માર્જીનની જગ્યા પર બાંધકામ કરવામાં આવેલ છે તે સુમપા એ બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે કે નહી તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આનં.૪૭૪ તા.૨૮–૧૦–૧૦ થી ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતા અડાજણ ગુજરાત ગેસ સર્કલ પાસે આવેલ મુકતાનંદ નગરમાં આવેલ મેઈન રોડ પર બનાવવામાં આવેલ એપાર્ટ.ના મહાલક્ષ્મી.,/મહાલક્ષ્મી રોસ્ટોરન્ટની બાજુમાં આવેલ માર્જીનની જગ્યા પર જગ્યા પર કરવામાં આવેલ બાંધકામ નિયમ બધ્ધ કરવા માટે ઈમ્પેકટ ફી ભરપાઈ કરવામાં આવેલ છે જયારે શીતલ ફોટો સ્ટુડીયો તથા કારવર્લ્ડ એસેસરીઝની દુકાનની સાઈડ માર્જીનની જગ્યા પર કરવામાં આવેલ બાંધકામ અંગેની કોઈ માહિતી ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.આમ અરજદારને મુદ્દા નં.૧ ની નિયમોની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨ માં લીંબાયતઝોન સિવાયના ટાવર ઉભા કરવાની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં લીંબાયતઝોનની માહિતી અરજદારે નાણા ભરી મેળવેલ નહીં હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. મુદ્દા નં.૩ બાબતે ઉધનાઝોન સિવાય તમામઝોને માહિતી પૂરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં.૪ માં જાહેર માહિતી અધિકારી શહેર વિકાસે નિર્દિષ્ટ નાણા ભરપાઈ કરી રજાચિઠ્ઠી તથા નકશાની માહિતી મેળવી શકે છે. મુદ્દા નં.૬ અંગે સેન્ટ્રલઝોને હોર્ડીંગ્સ બોર્ડ/સાઈન બોર્ડ અને જાહેરાતના બોર્ડની માહિતી વિના મુલ્યે પૂરી પાડવાની થાય છે. તેવી જ રીતે સા.વે.ઝોન (અઠવા) ધ્વારા પણ સમય મર્યાદા બહાર ફી ભરવા પાઠવેલ પત્ર ધ્યાને લેતાં મુદ્દા નં.૨,૬ તથા ૭ ની માહિતી વિના મૂલ્યે તેમને પૂરી પાડવાની રહે. જયારે મુદ્દા નં.૪ અંગે ઉધનાઝોને દર્શાવેલ તૈયારી મુજબ અરજદાર નિયત ફી ભરીને તે માહિતી મેળવવા સ્વતંત્ર છે. જે તમામ ઝોનને સંયુકત લાગુ પડતી ગણાય તેથી તે અંગે તકરારને સ્થાન રહે નહી. આ સિવાયના તમામ મુદ્દાઓની માહિતી આપવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી  જાહેર માહિતી અધિકારી  સેન્ટ્રલઝોન અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ધ્વારા  અરજદારને માહિતી પેટે ફી ભરવા  જણાવેલ પત્રો નિયત સમય અવધિ બહારના હોઈ  સદર માહિતી અરજદારને વિના મુલ્યે  દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા  અનુક્રમે બંને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે બાકીના મુદ્દાઓ અંગે પક્ષકાર જાહેર માહિતી અધિકારીએ  અરજદારને સૂચવ્યા અનુસાર  નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે.  જેથી તે મુદ્દાઓ અંગેની અરજદારની તકરાર ગ્રાહય રાખવામાં આવતી ન હોઈ તેટલા મુદ્દાઓ પૂરતી અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :     –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) તમામઝોન અને જાહેર માહિતી અધિકારી તથા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી પિંકલ પી. ધીવાલા